# એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (ટેકનીકલ)

ACPC

એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## MBA / MCA / Lateral MCA (એમસીએ દ્વીતીય વર્ષ) અભ્યાસક્રમો ચલાવતી અનુદાનીત તથા સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી પડેલી બેઠકો ઉપર પ્રવેશ ઇચ્છુક ઉમેદવારોના પ્રવેશ બાબત. (પ્રવેશ વર્ષ-૨૦૧૬)

શૈક્ષણિક વર્ષ-૨૦૧૬-૧૭ ની એમ.બી.એ./એમ.સી.એ. અભ્યાસક્રમોની CMAT-2016 વિદ્યાર્થીઓની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૦૪-૦૮-૨૦૧૬ ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવે છે. સદર પ્રક્રિયા બાદ અનુદાનીત તથા સ્વનિર્ભર એમ.બી.એ./એમ.સી.એ. સંસ્થાઓ ખાતે 'ખાલી રહેલી બેઠકો' શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં જાહેરનામા અન્વયે ભરવાની થાય છે. આ અનુસંધાને અનુદાનીત તથા સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે નોન રીપોર્ટીંગના કારણે તથા રાઉન્ડ-૨ બાદ ખાલી રહેલી તમામ બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર મુકવામાં આવેલ છે. આવી ખાલી રહેલ બેઠકો માટે પ્રવેશ લેવા માગતા ઉમેદવારોએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે. ખાલી રહેલ જગ્યાઓ પર નીચે મુજબના અગ્રતાક્રમ પ્રમાણે ઉમેદવારની પસંદગી કરી સંસ્થાઓએ સંસ્થાસ્તરે નીચે મુજબની કાર્યરીતિને ચુસ્ત રીતે અનુસરીને ભરવાની રહેશે.

(૧) પ્રવેશ વર્ષ-૨૦૧૬ ની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવેલ હોય અને પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં સમાવિષ્ટ હોય.

(૨) CMAT/CAT/MAT-2016 કે AICTE પ્રમાણિત અન્ય પ્રવેશ પરીક્ષા આપેલ અને પ્રવેશ નિયમ-૫ મુજબની જરૂરી પ્રવેશ લાયકાત ધરાવતા હોય તથા અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય તેવા ઉમેદવાર.

(૩) CMAT/CAT/MAT-2016 કે AICTE પ્રમાણિત પ્રવેશ પરીક્ષા આપેલ અને ગુજરાત રાજ્ય બહારના ઉમેદવાર જે પ્રવેશ માટેની જરૂરી લાયકાત ધરાવતા હોય.

(૪) જરૂરી પ્રવેશ પરીક્ષા આપેલ ન હોય પરંતુ પ્રવેશની જરૂરી લાયકાત ધરાવતા હોય તેવા ઉમેદવારો.

ઉપરોક્ત ક્રમાંક (૧) મુજબના વિદ્યાર્થીઓએ www.gujacpc.nic.in પોતાના એકાઉન્ટમાં જઈ Login થઈ ઓનલાઈન કન્સેન્ટ આપવાની રહેશે. આ વિદ્યાર્થીઓએ PIN ખરીદવાનો રહેશે નહી. ઉપરોક્ત (૨), (૩) અને (૪) ક્રમાંક મુજબના વિદ્યાર્થીઓએ દેના બેંકની નિર્ધારીત શાખામાં જઈ રોકડા રૂા. ૫૦૦/- (નોન રીફન્ડેબલ) ચૂકવી PIN ખરીદવાની રહેશે. PIN ખરીદ્યા બાદ www.gujacpc.nic.in ઉપર જઈ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ ફોર્મની પ્રિન્ટ લઈ જરૂરી ડૉક્યુમેન્ટ જોડી જે તે સંસ્થા ખાતે નિયત સમયમર્યદામાં પ્રવેશ મેળવવા માગતા હોય તે સંસ્થા ખાતે જમા કરાવવાનું રહેશે. ઉપરોક્ત ક્રમાંક (૧) થી (૪) માં દર્શાવેલ દરેક ઉમેદવારે ભરેલ ફોર્મની પ્રિન્ટ આઉટ લેવી ફરજીયાત છે. દેના બેંકની નિર્ધારીત બેંકની માહિતી વેબસાઈટ www.jacpcldce.ac.in ની MBA/MCA લીંકમાં મુકવામાં આવેલ છે.

ખાલી રહેલી બેઠકોમાં પ્રવેશ કાર્યક્રમ નીચે મુજબ છે.

| Sr. No. | Activity | Proposed Date |
|---|---|---|
| 01 | Display of vacant seats | 03/9/2016 |
| 02 | Distribution of PIN (During Banking Hours) from designated branches of Dena Bank for vacant seat | 06/9/2016 to 08/9/2016 |
| 03 | Online consent / Registration for vacant seats admission (GIA & SFI) | 06/9/2016 to 09/9/2016 |
| 04 | Online registration data to be display on ACPC website | 10/9/2016 |
| 05 | Submission of copy of registration form with self-attested documents to Institute by Candidate | 06/9/2016 to 12/9/2016 |
| 06 | Declaration of Merit list at institute level on Institute's website and Institute's notice board. | 13/09/2016 |
| 07 | Counselling at respective Institute level for vacant quota admission | 14/9/2016 to 16/9/2016 |

પ્રવેશ કાયમ કરાવવા માટે જરૂરી અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે સાથે રાખવાના રહેશે, પરંતુ અસલ પ્રમાણપત્રો જમા કરાવવાના રહેશ નહીં, જેની નોંધ લેવી. ઉપરોક્ત વિદ્યાર્થીઓએ હેલ્પ સેન્ટર ખાતે રીપોર્ટીંગ કરાવવાનું રહેતું નથી. જે તે સંસ્થા ખાતે રૂબરૂ મુલાકાત લઈ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. ખાલી રહેલી બેઠકો ઉપર **જે વિદ્યાર્થી નિર્ધારીત સમયગાળામાં રજીસ્ટ્રેશન કે કન્સેન્ટ આપેલ હશે નહીં તેવા ઉમેદવાર પ્રવેશ માટે લાયક રહેશે નહીં.** અગાઉનો પ્રવેશ રદ્દ થયા બાદ ઉમેદવારોને ફી રીફંડ સરકારશ્રીના જાહેરનામાના નિયમ-૧૮ પ્રમાણે થશે. **જે ઉમેદવાર એક કરતા વધારે સંસ્થામાં ફોર્મ જમા કરાવવા માગતો હોય તેમણે રજીસ્ટ્રેશન ફોર્મની ફોટો કોપી કરાવી ઉપયોગ કરવાનો રહેશે. દરેક સંસ્થા માટે અલગ અલગ PIN ખરીદવાનો રહેશે નહી.**

વધુ વિગત તેમજ latest updates માટે સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ની MBA/MCA લીંકમાં જઈ વખતો વખત જોવા જણાવવામાં આવે છે.

**તા. ૦૨-૦૯-૨૦૧૬** — **મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦**